R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા .

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ : http:// jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના)
(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી, અમદાવાદ-૭

YEAR-28 • ISSUE: 04 DATE: 26-01-2019• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## સીબીઆઇ ચીફ અંગેની સુનાવણીથી ચીફ જસ્ટીસ ગોગોઇ ખસી ગયા

સીબીઆઈના વચગાળાના વડા એમ.નાગેશ્વર રાવની નિમણુંક સામે કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરી રહેલી બેન્ચમાંથી ચીફ જસ્ટીસ રંજન ગોગોઈ ખસી ગયા છે. ન્યાયના હિતોના રક્ષણનું કારણ જણાવીને ચીફ જસ્ટીસે આ નિર્ણય લીધો હતો.સીજીઆઈએ જણાવ્યુ હતું કે તેઓ ૨૪ જાન્યુઆરીએ નવા સીબીઆઈના ચીફની નિમણુંક કરનારી કમિટીનો ભાગ છે.તેથી તેઓ આ કેસ પર સુનાવણી કરી શકે નહીં. આ મામલે હવે ૨૪ જાન્યુ.બીજી બેન્ચ સુનાવણી કરશે. ચીફ જસ્ટીસે જણાવ્યુ હતું કે આ કેસની સુનાવણી જસ્ટીસ એ.કે.શિકરી કરશે. અગાઉ સિલેક્શન કમિટીમાંથી પણ ચીફ જસ્ટીસ અલગ થઈ ગયા હતા.અને તેમની જગ્યાએ જસ્ટીસ એ.કે.શિકરીને સ્થાન આપવામાં આવ્યું હતું.આ કમિટીમાં જસ્ટીસ શિકરીની સાથે વડાપ્રધાન અને વિપક્ષના નેતા પણ સામેલ હોય છે.

કોમન કોઝ એનજીઓ તરફથી દાખલ કરવામાં આવેલી ઝડપી સુનાવણી અસજીને રદ કરતાં કોર્ટે સુનાવણીની તારીખ નક્કી કરી હતી.આ અરજીમાં રાવની નિમણુંકની સાથે સીબીઆઈના નવા ડાયરેકટરની નિમણુંકમાં પારદર્શિતાની પણ અપીલ કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે સીબીઆઈ વિરુધ્ધ સીબીઆઈના કેસમાં સુપ્રીમ કોર્ટે શરતો સાથે પુર્વ ડિરેક્ટર આલોક વર્માને રજા પરથી પરત આવી ઓફીસ સંભાળવા માટે મંજુરી આપી હતી.પરંતુ ત્યારબાદ સરકાર દ્વારા તેમને હટાવી દેવાયા હતા.તેના પછી વર્માએ રાજીનામું આપી દેતાં નાગેશ્વરરાવને ફરીથી વચગાળાના સીબીઆઈ ચીફ બનાવી દેવાયા હતા.

## મોદીની સરકાર દુશ્મન નથી, પણ તે અમર છે તેવો ભ્રમ ના રાખે : શિવસેના

ભાજપના સાથી પક્ષ શિવસેનાના મુખપત્ર સામનાના સંપાદકીયમાં શિવસેનાએ કોલકોતામાં વિપક્ષોની એકતા રેલી અંગે કટાક્ષ કરતાં પીએમ નરેન્દ્ર મોદી પર પ્રહારો કર્યા હતા.



સામના મુખપત્રમાં લખાયું હતું કે ટીએમસી પ્રમુખ મમતા બેનરજીએ એક રેલીમાં વિપક્ષની એકતા દર્શાવી હતી. આ રેલીમાં સામેલ થનારા મોટાભાગના નેતાઓ ક્યારેક અટલ બિહારી બાજપેયીના નેતૃત્વમાં ભાજપના સહયોગી હતી.મોદીની સરકાર દેશની દુશ્મન નથી પરંતુ તેણે એવો ભ્રમ પણ ના રાખવો જોઈએ કે તેઓ અમર છે.વાસ્તવમાં મમતાએ ઉદ્વવ ઠાકરેને રેલીમાં આવવા માટે આમંત્રિત કર્યા હતા.સંપાદકીયમાં લખાયું છે કે શિવસેના માટે આશ્ચર્યની વાત છે કે ૨૨ વિપક્ષો એકસાથે આવ્યા તેનાથી પીએમ મોદી શા માટે ધ્રુજી રહ્યા છે.શિવસેનાના અનુસાર જે રીતે ભાજપને ચુંટણી લડીને સત્તામાં રહેવાનો અધિકાર છે એ રીતે વિપક્ષને પણ સરકારનો પર્દાફાશ કરવાનો અને તેને હરાવવાનો અધિકાર છે.

## ઉત્તરપ્રદેશમાં કોગ્રેસના મહાસચિવ પદે શ્રીમતી પ્રિયંકા ગાંધીની નિમણુંક



લોકસભાની ચુંટણી અગાઉ ઉત્તર પ્રદેશમાં કોગ્રેસે યુપીના મહાસચિવ પદે શ્રીમતી પ્રિયંકા ગાંધી વાડેરાની નિમણુંક કરતાં રાજકીય ગરમી આવી ગઈ છે.કોગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ તેમની નિમણુંક કરી છે.

અત્યાર સુધી યુપીમાં અમેઠી અને રાયબરેલી મત વિસ્તારમાં પોતાની માતા સોનિયા ગાંધી અને ભાઈ રાહુલની ચુંટણીઓમાં સક્રીયપણે તેઓ હિસ્સેદાર રહ્યા હતા. પરંતુ આ વખતે તેમને કોગ્રેસ પક્ષના યુપી ખાતેના મહાસચિવ પદે નિયુક્ત કરવામાં આવ્યા છે.ભારતીય રાજકારણમાં નહેરુ-ગાંધી પરિવારના ૧૧માં સભ્યનું પર્દાપણ કહેવાશે. પ્રિયંકા ગાંધીની એન્ટ્રીથી પક્ષમાં ઉત્સાહ જોવા મળ્યો છે તેનાથી એવું માનવામાં આવી રહ્યું છે કે તેઓ ગેમ ચેન્જર બની શકશે.

આમ તો પ્રિયંકાની ઈમેજ તેમની દાદીને મળતી આવે છે.સ્વ ઈન્દીરા ગાંધી જેવી તેમની પ્રતિકૃતિ છે તેમની છટા,હાવભાવ અને શૈલી તેમને મળતી આવતી હોવાથી લોકોમાં તેમની ચાહના ઈન્દીરા ગાંધી જેવી છે.જો કે તેઓ તેમની દાદી જેવો કરિશ્મા બતાવી શકશે કે કેમ તે આવનાર ચુંટણીઓમાં નક્કી થશે પરંતુ તેમની રાજકારણમાં એન્ટ્રીથી તેમના વિરોધીઓમાં ફફડાટ વ્યાપ્યો છે.લોકસભાની ચુંટણી પહેલાં કોગ્રેસને પુનઃ જીવીત કરવા રાહુલ ગાંધીનો ગણતરીપુર્વકનો પાસો છે.ઉત્તર પ્રદેશમાં સપા-બસપાનું ગઠબંધન થયું હોવાથી કોગ્રેસે એકલા હાથે ચુંટણી લડવાની છે તેથી કોગ્રેસે તેનું માળખુ મજબુત બનાવવું પડશે. યુપીની જવાબદારી પ્રિયંકા અને જ્યોતિરાદિત્ય સિંધિયાને સોપવામાં આવી છે.પ્રિયંકાની નિમણુંકને કોગ્રેસના વરિષ્ઠ નેતાઓએ આવકારી છે.કોગ્રેસના વરિષ્ઠ નેતા મોતીલાલ વોરાએ જણાવ્યુ હતું કે પ્રિયંકાને મહત્વની જવાબદારી સોપાઈ છે.જ્યારે રાજીવ શુકલાએ જણાવ્યુ હતું કે પ્રિયંકાના આગમનથી સમગ્ર દેશમાં કોગ્રેસ પુન-જીવિત થશે.કેપ્ટન અમરિન્દરસિંહ,પંજાબના મુખ્યમંત્રીએ કહ્યુ હતું કે દેશભરમાંથી કોગ્રેસને બેઠી કરવામાં પ્રિયંકાની ભુમિકા મદદરુપ બનશે.આમ દેશભરના કોગ્રેસી નેતાઓએ તેની રાજકારણમાં પ્રવેશ બાબતે સરાહના કરી છે.

પ્રશાંત કિશોરે ટ્વિટ કરતાં જણાવ્યુ હતું કે રાજકારણમાં જેની સૌથી વધુ રાહ જોવાતી હતી તેવી એન્ટ્રી થઈ છે. ભલે લોકો સમય,ભુમિકા અંગે વાતો કરી રહ્યા હોય, પરંતુ પ્રિયંકાએ આખરે રાજકારણમાં ઝુકાવવાનો નિર્ણય લીધો છે.

જ્યારે દેશના વડાપ્રધાને લોકસભાની ચુંટણીના પગલે રાજનીતિમાં પ્રિયંકા ગાધીની દસ્તક પર કટાક્ષ કરતાં કહ્યુ હતું કે કેટલાક લોકો માટે પરિવાર જ પાર્ટી છે જ્યારે અમારે ત્યાં પાર્ટી જ પરિવાર છે.દેશની કેટલીક રાજકીય પાર્ટીઓનું ગોત્ર કોગ્રેસ છે. તેથી અમે કોગ્રેસમુક્ત દેશની વાત કરીએ છીએ ત્યારે અમારો વિરોધ આ જ સંસ્કૃતિની સામે હોય છે.કોગ્રેસમાં એક પરિવારનો વિરોધ અપરાધ મનાય છે.

જો કે પરિવારવાદની વાતોમાં ભાજપ પણ અછુત નથી.કેટલાય નેતાઓના પરિવારજનો ભાજપમાં છે.જ્યાં તેમને પરિવાર વાદ નડતો નથી. પરંતુ કોગ્રેસના માટે આ બાબત તેમના માટે મુદ્દો છે.

ભાજપના મતે રાહુલ ગાંધીનું નેતૃત્વ નિષ્ફળ ગયું છે અને તેમના કહેવા પ્રમાણે કોગ્રેસે રાહુલ ગાંધી નિષ્ફળ ગયા છે તેમ માનીને પ્રિયંકા ગાંધીને રાજકારણમાં એન્ટ્રી કરાવી છે.જો કે પ્રિયંકાની ભુમિકા હાલમાં તો યુપી પુરતી મર્યાદિત છે. યોગી-મોદીના રાજકારણ સામે તેમણે લડવાનું છે.

## જો લોકપાલ હોત તો તો રફાલ ગોટાળો ન થયો હતો : અન્ના હજારે



સામાજિક કાર્યકર્તા અન્ના હજારેએ ભ્રષ્ટાચાર નિરોધક કાનુન લાગુ કરવા અને ખેડુતોની માંગને લઈને ૩૦ જાન્યુ.થી અનિશ્ચિત મુદતની ભુખ હડતાલની જાહેરાત કરી છે.અન્ના હજારેએ કહ્યુ હતું કે જો લોકપાલ હોત તો રફાલ વિમાનોનો ગોટાળો થયો ના હોત.સુપ્રીમ કોર્ટના આદેશ છતાં લોકપાલઅને લોકાયુક્ત અધિનિયમ,૨૦૧૩ને લાગુ ન કરવા બદલ કેન્દ્રની ભાજપ સરકારની ટીકા કરી છે.તેમણે કહ્યુ હતું કે મને લાગે છે કે દેશ પર તાનાશાહી તરફ જવાનો ખતરો મંડાયેલો છે.છેલ્લા આઠ વર્ષથી લોકપાલની માંગણીને લઈને અન્ના હજારે આ ત્રીજી વખત ભુખ હડતાલ કરી રહ્યા છે.

સીવીલ સોસાયટીના સભ્યો અને સમુહોના નેતૃત્વ કરીને એપ્રીલ ૨૦૧૧માં પહેલી વખત રામલીલા મેદાનમાં ભુખ હડતાલ પર બેઠા હતા. તેમણે મીડીયાને કહ્યુ હતું કે મને સમજાતું નથી કે એક મહિના પહેલા બનેલી કંપનીને સહયોગી કેમ બનાવાઈ।

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.**

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવ ક્રાંતિ

ભારતીય જનતા પાર્ટીની સરકારે ૨૦૧૯ની લોકસભાની આવનારી ચુંટણીઓને લક્ષમાં રાખીને એક કાંકરે બે પક્ષી મારવાનો અદ્ભુત કીમીયો કર્યો છે. દેશના સર્વોચ્ચ પુરસ્કારો આપવાની જાહેરાતમાં એવી વ્યક્તિઓને પસંદ કરવામાં આવી છે જેમના નામે ચુંટણીમાં મદદ મળી શકે. પ.બંગાળના મુળભુત રાજકારણીઓ પૈકીના પ્રણવ દાને સહું પહેલા આરએસએસના સમારંભમાં અતિથિ તરીકે બોલાવીને સન્માન આપ્યું પરિણામે કોગ્રેસમાં તડભડ થઈ હતી. પરંતુ હવે તેમને સર્વોચ્ચ સન્માન આપીને કોગ્રેસની નેતાગીરી અને મતદારોને બે ભાગમાં વહેચી દીધા છે.કેટલાક સરકારનું આ કાર્ય વખાણી રહ્યા છે તો કેટલાક તેને દુરદેશી ચાલ બતાવી રહ્યા છે. ખેર એજ રીતે પુર્વના રાજ્યોમાં જેમની બોલબાલા છે તેવા કેટલાકને આવા સન્માનોથી સન્માનવામાં આવ્યા છે પરિણામે એ વિસ્તારોમાં ભાજપને વોટમાં ફાયદો મળે. માત્ર ઓરિસ્સામાં ભાજપની નીતિ કામયાબ નીવડી નથી. ઓડિસાના મુખ્યમંત્રીની બહેનને પુરસ્કાર આપવાની વાત કરતાં તેમણે સ્વીકારવાનો નનૈયો ભણ્યો અને ગણતરી ઉંધી પડી ગઈ.ખેર ૨૦૧૯ની ચુંટણી માટે સાડાચાર વર્ષમાં આ સરકારને પોતાના કાર્યો બદલ મતદારો વધાવી લે તેવી પ્રબળ આશા રાખી શકાય તેમ નથી તેવું લાગતાં શામ,દામ,દંડ ભેદનો બેખુબીથી ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. વિપક્ષી નેતાઓને સીબીઆઈ અને ઈડીની જાળમાં ફસાવવાનું ચક્કર ચાલી રહ્યું છે તેઓ બીજા મોરચો સક્રિય રહે તો ચુંટણીમાં તેમને હરાવવાનું ફાવી જાય તેવી ગણતરીઓ સમજીને ચાલ ચાલી રહી છે. જો કે શિવસેનાએ અને વિપક્ષોએ સરકારની આ ચાલ સામે વિરોધ કરવાનો શરુ કર્યો છે અને સરકારી મીડીયા સામે પણ આક્રોશ ચાલી રહ્યો છે. ખેર,હજુ પ્રચાર મીડીયાની મોટો કાફલો બહાર આવ્યો નથી જેની પર ચુંટણી મદાર છે અને મતદારોને આર્કષવાનો મોટો પ્લાન છે. માત્ર એક વ્યક્તિને આ ચુંટણીની વેતરણી પાર કરવાની છે.જ્યારે મહાગઠબંધન કેવા પરિણામો લાવશે તે પછી નક્કી થશે.

## મંતવ્ય

વીડીયોકોન લોન કેસમાં આઈસીઆઈસીઆઈના પુર્વ સીઈઓ ચંદા કોચર અને તેમના પતિ વિરુધ્ધ એફઆઈઆર નોધવામાં આવી છે.સીબીઆઈએ આઈસીઆઈસીઆઈના પુર્વ સીઈઓ દ્વારા વિડીયોકોન કંપનીને લોન આપવામાં આવી હતી.૨૦૧૨માં બેન્કે રુ.૩૨૫૦ કરોડની લોનના મામલે સીબીઆઈએ કેસ દાખલ કર્યો છે.ચંદા કોચર અને તેમના પતિ બેઉની વિરુધ્ધ સીબીઆઈએ એફઆઈઆર દાખલ કરેલ છે. જો કે અગાઉ ચંદા કોચરે ૪ ઓક્ટો.૨૦૧૮માં પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું હતું.બેન્કના બોર્ડે તેમના કાર્યકાળ સમાપ્ત થયા પહેલા જ પદ છોડવાની માંગને સ્વીકારી ને તેમની જગ્યાએ સંદિપ બક્ષીને નવા મેનેજીંગ ડીરેકટર અને ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર નિયુક્ત કર્યા હતા.

હવે સવાલ એ છે કે જેમણે લોન આપી અને જેમણે લોન લીધી બેઉ વચ્ચે જે કોઈ વચેટીયા અને લાભાર્થી હોય તેમને જેલના સળીયા ગણાવી દેવા જોઈએ. જો કે રાજકારણીઓ પર ગાળીયો ફીટ કરવો એટલો સહેલો નથી પરંતુ આવી મોટી લોનોમાં તેઓનો હાથ જરુરથી હોય છે.અત્યાર સુધી મોટી લોનો લઈને દેશ છોડી ભાગી ગયેલા ભાગેડુઓના સાથીદારો તો આ દેશમાં જ છે. તેમને સકંજામાં લેવા જોઈએ.

રસીકભાઈ જે. પટેલ




## વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.



## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# ઉર્જિત પટેલના રાજીનામાંથી આરબીઆઇની નીતિગત પ્રાથમિકતા અંગે જોખમ : ફિચ

ફિચ રેટિંગ્સે કહ્યુ હતું કે ઉર્જિત પટેલના રાજીનામાને કારણે રિઝર્વ બેન્કની નીતિગત પ્રાથમિકતા સામે જોખમ ઉબુ થયું છે.રિઝર્વ બેન્ક પર સરકારની વગ વધવાથી બેડ લોનની સમસ્યા ઉકેલવાના પ્રયાસ પર પણ અસર થઈ શકે છે. ફિંચ રેટિગ્સે તેના નિવેદનમાં કહ્યુ છે કે સરકારે રિઝર્વ બેન્ક પર આર્થિક વૃધ્ધિ ઝડપી બને તે માટે સતત દબાણ કર્યુતેને પગલે ઉર્જિત પટેલે રાજીનામું આપ્યું છે.તેને કારણે આરબીઆઈની નીતિગત પ્રાથમિકતા સામે જોખમ ઉભુ થયું છે.

તેણે કહ્યુ હતું કે બેન્કોની બેડ લોનની સમસ્યા ઉકેલવાની આરબીઆઈમાં ક્ષમતા છે.અને ફુગાવાને પણ અંકુશમાં રાખવાની તેની ક્ષમતાછે. જેથી આર્થિક માહોલ સ્થિર રહે.પરંતુ આરબીઆઈ પર સરકારની વગ વધવાનથી આ પ્રયાસોને અસર થઈ શકે છે.

ફિચ રેટિગ્સે કહ્યુ કે લાંબા ગાળે બેડ લોનની સમસ્યા ઉકેલવા માટેના પગલાંમાં પીછેહઠ થશે અને નબળી બેન્કોને આગળ ધપાવવાના પ્રયાસ થશે તો તેની નકારાત્મક અસર થશે અને તેના કારણે નાણાંકીય સિસ્ટમ પર જોખમ વધશે.તેણે કહ્યુ કે ઉર્જિત પટેલને સ્થાને નવા નિયુક્ત થયેલા આરબીઆઈના ગર્વનર શક્તિકાંત દાસના નેતૃત્વમાં હવે કેવી નીતિ અને અભિગમ અપનાવાય છે તેના પરથી પટેલના રાજીનામાની સંપુર્ણ જટિલતાની અસર માલુમ પડશે.

રેટિંગ એજન્સીએ કહ્યુ કે રિઝર્વ બેન્કનું સ્ટેન્સ કદાચ બદલાશે નહીં.પરંતુ લોકસભાની ચુંટણી નજીક આવી રહી છે ત્યારે સરકાર કેટલાક રાજકીય પ્રોત્સાહનો જાહેર કરી શકે છે. જેના માટે તેને રિઝર્વ બેન્કનો વધુ ટેકો જોઈશે.ફિચનું માનવું છે કે સરકારે ૧૧ પીએસયુ બેન્કોને પ્રોમ્પ્ટ કરેક્ટિવ એકશનની યાદીમાંથી હટાવવા માટેઆરબીઆઈ પર દબાણ કર્યુ જે કામ ન લાગ્યું. આ ઉપરાંત નોન પર્ફોમીંગ લોન(એનપીએલ)ના નવા રેગ્યુલેટરી ફ્રેમવર્કની જોગવાઈમાં ફેરફારની સરકારની વાત પણ રિઝર્વ બેન્કે ન માની.તેણે કહ્યુ કે મોટાભાગની બેન્કો હાલમાં ધિરાણ વધારવા માટે નબળી છે.હાલના તબક્કે તો આરબીઆઈનું મેક્રોઈકોનોમિક પોલીસી ફ્રેમવર્ક વિશ્વસનીય છે અને અસરકાર છે.હવે જો સરકાર તેના પર દબાણ વધારશે તો તેવા સંજોગોમાં ફરી મુલ્યાંકન કરવું પડશે.

# રિઝર્વ બેન્કની રોકડ અનામતનો ઉપયોગ ખજાનાની લુંટ હશે : અરવિંદ સુબ્રમણ્યમ

કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવેલા નોટબંધીના પગલાને આકરાં ગણાવીને તેની ટીકા કરનાર પુર્વ આર્થિક સલાહકાર અરવિંદ સુબ્રમણ્યમે અર્થવ્યવસ્થાથી જોડાયેલા અનેક મામલા પર ખુલીને પોતાના અભિપ્રાય વ્યક્ત કર્યા છે.તેમણે એવુ પણ કહ્યુ હતું કે પ્રવર્તમાન સંજોગો જોતાં દેશે થોડા સમય માટે મંદી સહન કરવા તૈયાર રહેવું પડશે.

પોતાના પુસ્તક ઓફ કાઉન્સીલ : ધ ચેલેન્જીસ ઓફ ધ મોદી-જેટલી ઈકોનોમી, ના વિમોચન માટે ભારતના પ્રવાસે આવેલા સુબ્રમણ્યમે કહ્યુ કે રાજકીષીય ખાધને ઘટાડવા માટે રિઝર્વ બેન્કની અનામતોનો ઉપયોગ બેન્કના ખજાનાની લુંટ હશે.

નોટબંધી માટે અત્યંત આકરા અને અર્થ વ્યવસ્થાને આંચકો આપતાં પગલાં જેવા શબ્દોના ઉપયોગ મામલે તેમણે કહ્યુ કે ૮૬ ટકા રોકડને ચલણમાંથી દુર કરવાના પગલાંને તમે શું કહેશો ? આકરો શબ્દ ગંભીરતા માટેનો એકમાત્ર સંકેત છે.તમે ગમે તે કહો પરંતુ આ પગલાંથી અર્થતંત્રને અસર થઈ છે.જો કે નોટબંધી અગાઉ તેમની સાથે મસલત કરાઈ હતી કે કેમ તે મામલે ફરી જવાબ આપવાનું તેમણે ટાળ્યું હતું. તેમણે કહ્યુ કે આ અંગે મે મારા પુસ્તકમાં લખ્યું છે. એક અર્થશાસ્ત્રી તરીકે તમે ભારત જેવા અન્ય કોઈ દેશ માટે નોટબંધીની ભલામણ કરશો કે કેમ તેવા સવાલના જવાબમાં તેમણે કહ્યુ હતું કે આ તે દેશ પર આધારિત છે.આ નિર્ણય જે તે દેશને કરવાનો છે.સરકાર અને રિઝર્વ બેન્ક વચ્ચે ટકરાવ મામલે તેઓ બોલ્યા કે રિઝર્વ બેન્કે સારુ કામ કર્યુ છે.પરંતુ છેલ્લા સાત-આઠ વર્ષમાં નાણાંકીય પધ્ધતિની સતર્કતા ચિંતાનું કારણ છે.આઈએફએલ એન્ડ એફએસમાંથી અચાનક રુ.૯૦હજાર કરોડ છુમંતર થઈ ગયા અને કોઈને જાણ ન થઈ.


## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો`જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્ક:

એ. એમ. મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪



## AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332



## કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે



# (૩૦ જાન્યુઆરી - ગાંધી નિર્વાણદિન નિમિત્તે)

## ગાંધીજીની ઝૂંપડી

ઈવાન ઈલિચ



(મેક્સિકોના વિશ્વ પ્રસિદ્ધ વિચારક ઈવાન ઈલિચ જાન્યુઆરી ૧૯૭૮માં સેવાગ્રામ (વર્ધા)માં 'વિશ્વ નિર્ધન સમાજ માટે ટેકનીક' સંમેલનના ઉદ્‌ઘાટન માટે આવ્યા હતા. પોતાના પ્રવાસ દરમિયાન તેમણે પોતાનો મોટા ભાગનો સમય ગાંધીજીની ઝૂંપડીમાં વિતાવ્યો અને પોતાના ઉદ્‌ઘાટન ભાષણમાં અનોખી શૈલીમાં શાંતિ તત્ત્વનું વિવેચન કર્યુ. સં.)

મારા મિત્રો,

મહાત્મા ગાંધી જ્યાં રહેતા હતા એ ઝૂંપડીમાં હું આજ સવારથી છું. હું એમના વિચાર, દર્શન તથા સંદેશથી એક આત્મ-પ્રેરણા મેળવી રહ્યો છું. એની એક બાજુ આધ્યાત્મિક છે અને બીજી છે સાધનો-સગવડોનું મહત્ત્વ. આ ઝૂંપડીને બનાવવા પાછળ ગાંધીજીનો કયો દૃષ્ટિકોણ હતો એ સમજવાનો પ્રયત્ન કરી રહ્યો છું. એની સાદગી, સુંદરતા અને સ્વચ્છતા મને બેહદ પસંદ આવી છે. આ કુટી પ્રેમના સિદ્ધાંત અને સર્વસમભાવનો નિરંતર ઘોષ કરે છે. મને મેક્સિકોમાં જે મકાન આપવામાં આવ્યું છે, તે ઘણી રીતે આ ઝૂંપડી જેવું છે, એટલા માટે હું એના મૂળ ઉદ્દેશને સમજી શકું છું. આ ઝૂંપડીમાં સાત પ્રકારના ઓરડા છે. જ્યારે તમે દાખલ થાવ છો તો તમારાં પગરખાં ઉતારવાની એક જગા છે, જેથી તમે સ્વસ્થ ચિત્તે અંદર જઈ શકો.પછી વચમાં એક ઓરડો છે. જે એટલો મોટો છે કે એમાં એક મોટો પરિવાર રહી શકે. આજે સવારે ચાર વાગ્યે હું પ્રાર્થના માટે બેઠો તો મારી સાથે બીજા ચાર લોકો હતા, જે એક દીવાલને અડીને ઊભા હતા અને બીજી બાજુ પણ એક વિશાળ જગા હતી, જ્યાં લોકો પાસેપાસે બેસી શકે. ત્રીજો ઓરડો ગાંધીજી પોતે બેસતા અને કામ કરતા હતા, એ સિવાય બીજા બે ઓરડા હતા- એક મહેમાનો માટે અને બીજો દરદીઓ માટે. અહીં એક ખુલ્લો વરંડો અને શૌચ વગેરે માટે સ્નાનઘર પણ છે. ઝૂંપડીના આ બધા ઓરડા એક-બીજા સાથે સંકળાયેલા છે.

જ્યારે હું સીધો હિન્દુસ્તાનીઓની દૃષ્ટિએ વિચારું છું, તો મને લાગે છે કે કોઈ ધનવાન માણસ આ ઝૂંપડીમાં આવે, તો એની મજાક ઉડાવે. આ ઝૂંપડી કરતાં મોટા મકાનની કોઇને આવશ્યકતા હોય એવું મને લાગતું નથી. આ ઝૂંપડી વાંસ અને માટીના ગારાથી બની છે, એનું નિર્માણ લોકોના હાથે થયું છે, મશીનથી નહીં. હું એને ઝુંપડી કહી રહ્યો છું. પરંતુ વાસ્તવમાં એ ઘર છે. ઘર અને આવાસમાં અંતર હોય છે. જ્યાં માણસ પોતાનાં બિસ્તરાપોટલાં અને ફર્નીચર વગેરે રાખે છે, તે આવાસ કહેવાય છે. ત્યારે એની સુરક્ષા અને ફર્નીચર વગેરેનું ધ્યાન માણસ કરતાં વધારે રાખવું પડે છે. દિલ્હીમાં મને જ્યાં રાખવામાં આવ્યો હતો, તે આવાસ હતો, કારણ કે એમાં અનેક પ્રકારની સગવડો હતી. સિમેન્ટ અને લોખંડથી બનેલો આવાસ પેટી જેવો હોય છે. જેમાં ફર્નીચર અને અન્ય સામાન રહે છે. આ શાન મેળવવા માટે આપણે આખું જીવન ખર્ચી નાખીએ છીએ. તોપણ એનાથી આપણને આંતરિક તાકાત મળતી નથી. કહેવાનો અર્થ એ છે કે આ સામાન વ્યક્તિને અપંગ બનાવી દે છે. એટલે કે જેટલી વધારે સગવડો એટલી નિર્ભરતા વધે છે. ત્યારે આપણું જીવન બંધિયાર અને સીમિત થઈ જાય છે. જ્યારે હું ગાંધીજીની ઝૂંપડીમાં મૂકેલા ફર્નીચરને જોઉં છું, ત્યારે એની પર નિર્ભર રહેવું પડતું હોય એમ લાગતું નથી. બધા પ્રકારની સગવડોથી ભરપૂર આવાસથી એ નક્કી થઈ જાય છે કે આપણે દુર્બળ બની ગયા છીએ. આપણામાં જીવનશક્તિનો હ્રાસ જેટલો થાય છે, એટલા જ આપણે વસાવેલા સામાન પર નિર્ભર બનતા જઇએ છીએ. જનસમુદાયના આરોગ્ય માટે. હૉસ્પિટલ પર નિર્ભર રહીએ છીએ કે બાળકોના શિક્ષણ માટે સ્કૂલોનો આશ્રય લઈએ છીએ. હૉસ્પિટલ અને સ્કૂલ દેશના લોકોનું આરોગ્ય અને શિક્ષણનું પ્રતિબિંબ બને એ સૌભાગ્ય સૂચક નથી. વાસ્તવિકતા તો એ છે કે મોટી સંખ્યામાં હૉસ્પિટલો હોવી, એ લોકોની રોગિષ્ઠ દશા દર્શાવે છે. અને વધારે સ્કૂલોથી અજ્ઞાનની ઝલક મળે છે. ઠીક એ રીતે જીવનમાં સગવડોના બાહુલ્યથી માનવીય જીવનમાં સૃજન ક્ષમતાની ઊણપ દેખાય છે.

વધારેમાં વધારે સગવડોથી યુક્ત લોકોને ઉચ્ચ કોટિમાં ગણવામાં આવે છે એ દુર્ભાગ્યની વાત છે. જેમાં રોગને વધારે મહત્ત્વ આપવામાં આવે અને કૃત્રિમ પગવાળા લોકોને ઊંચા માનવામાં આવે એવા સમાજને નીતિવિહીન નહીં માનવામાં આવે? ગાંધીજીની આ ઝૂંપડીમાં બેસીને આ પ્રકારની વિકૃત વિચારધારા વિષે વિચારીને હું દુઃખી થઇ ગયો છું. હું એ નિર્ણય પર પહોંચ્યો છું કે ઔદ્યોગિક સભ્યતાને માનવ વિકાસ માટે પ્રશસ્ત માર્ગ માનવો બિલકુલ ખોટું છે. આર્થિક ઉન્નતિ માટે ઉત્પાદન વધારનારા મોટા મોટા મશીનો અને વધારે એન્જિનિયરો, ડૉક્ટરો અને પ્રોફેસરોની આવશ્યકતા નથી એ સિદ્ધ થઈ ચૂક્યું છે. મને પાકો વિશ્વાસ થઈ ગયો છે કે આવા લોકો દિલ અને દિમાગથી દુર્બળ હોય છે. એમની જીવનશૈલી એવી હોય છે કે તેઓ ગાંધીજીની આ ઝૂંપડીથી મોટી વિશાળ જગામાં રહેવાનું પસંદ કરે છે. મને એમના પર દયા આવે છે. એમણે પોતાની આ રહેણીકરણીથી પોતાને સંપૂર્ણ પરાશ્રિત કરીને જડ મકાન માટે સ્વયંને પણ જડવત્ બનાવી દે છે. જીવનક્રમમાં એમના શરીરનું લચીલાપણું અને જીવન શક્તિ નષ્ટ થઈ જાય છે, એમનો કુદરત સાથેનો સંબંધ તૂટી જાય છે અને સાથેના લોકોથી અંતર વધી જાય છે.

આજના યોજનાકારોને હું કહું છું કે ગાંધીજીની સાદી-સીધી, સરળ વિચારધારાને કેમ ગ્રહણ નથી કરતા? એમનો ઉત્તર હોય છે કે ગાંધીજીનો માર્ગ બહુ જ કઠણ છે અને સામાન્ય લોકો એને અપનાવવા માટે અસમર્થ છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે ગાંધીજીના સિદ્ધાંતમાં કોઇ પણ વચેટિયાને સ્થાન નથી. કેન્દ્રીયકૃત પ્રણાલીને એ સહન નથી કરતા. સત્ય અને અહિંસાનો સીધો સાદો નિયમ પણ સમજમાં નથી આવતો એ કેવી વાત છે? લોકો પોતાના લક્ષને પામવા માટે અસત્ય અને હિંસાને સાચી માને છે એ તર્ક શું સાચો છે? એવું નથી. સામાન્ય માણસ સારી રીતે સમજે છે કે સાચા સાધનોથી જ સાચું લક્ષ મેળવી શકાય છે. એ તો કેટલાક સ્વાર્થી લોકો છે, જેઓ આ દર્શનને સમજવા માટે મોં ફેરવી લે છે. ધનવાન લોકો ક્યારેય પણ આ સમજવાના નથી.

જ્યારે હું ધનવાન લોકો કહું છું ત્યારે તેનું તાત્પર્ય એ છે કે એ લોકોએ એવી જીવનની બધી સગવડો મેળવી લીધી છે, જે સામાન્ય માણસ માટે ઉપલબ્ધ નથી. એમની રહેણી-કરણી, ખાણી-પીણી, હરવું-ફરવું અને ઉપભોગની પદ્ધતિ એવી છે કે તેઓ સત્યને ઓળખવાની ક્ષમતા ખોઇ ચૂક્યા છે એમને માટે ગાંધીજી એક કોયડો બની ગયા છે. એવા લોકો માટે સાદાઇનો કોઇ અર્થ નથી. એમની હાલત એમને સત્યનો સાક્ષાત્કાર કરતાં રોકે છે. એમનું જીવન ગૂંચવાડાથી એવી રીતે ભરેલું છે કે તેઓ પોતે જ પોતે રચેલી જાળમાંથી બહાર નથી નીકળી શકતા.સારુલક્ષણ એ છે કે મોટા ભાગની જનતા પાસે એટલું ધન નથી કે તેઓ સાદાઇના સત્યથી અસ્પૃષ્ટ રહી શકે. સાથે સાથે તેઓ એટલા સાધન વગરના દરિદ્ર પણ નથી કે આ દર્શનને સમજી ન શકે. સત્યના સિદ્ધાંતને નકારનારા દરેક ધનવાન માણસે રાષ્ટ્રના આત્મા સાથેનો સંબંધ તોડી નાંખ્યો છે. એ બિલકુલ સ્પષ્ટ છે કે આત્મનિર્ભર સમાજમાં જ મનુષ્યની ગરિમા જળવાઈ રહે છે અને જ્યારે આ સમાજ ઉત્તરોત્તર ઔદ્યોગિકરણ તરફ આગળ વધે છે, ત્યારે માનવીય ગરિમાને ઠેસ પહોંચે છે. આ ઝૂંપડીનો સંદેશ છે કે વ્યકિત અને સમાજ સાથે સાથે ચાલે છે ત્યાં આનંદ રહે છે. એટલા માટે આત્મનિર્ભરતા એક કૂંચી છે. આપણે સારી રીતે સમજવું જોઇએ કે બિનજરૂરી વસ્તુઓથી મનુષ્યની શક્તિ ઘટે છે કે એનાથી સુખની વૃદ્ધિ થાય છે? આ વિષે ગાંધીજીએ વારંવાર કહ્યું હતું કે આવશ્યકતા મુજબ જ ઉત્પાદન કરવું જોઇએ.આજે તો હદથી વધારે ઉત્પાદન થાય છે અને નિરંકુશ વધતું જાય છે. આજ સુધી આપણે આ બધું સહેતા આવ્યા છીએ. પરંતુ હવે એ સમય આવી ગયો છે, માણસ સારી રીતે સમજી ગયો છે કે મશીનો પર વધુને વધુ નિર્ભર રહેવું એટલે આત્મહત્યા તરફ જવું એ છે. સભ્ય કહેવાતા ચીન અને અમેરિકા જેવા દેશોએ સમજી ગયા છે કે ઉન્નતિનો આ રસ્તો સાચો નથી. મનુષ્યોને એ લાગવું જોઇએ કે દરેક માણસ અને આખા સમાજની ભલાઇ માટે તેણે આવશ્યક વસ્તુઓ જ રાખવી એ પૂરતું છે. આપણે એવા પગલાં ભરવા પડશે, જેથી આ વિચારને પૂરેપૂરી સ્વીકૃતિ મળે અને આજની દુનિયાના મૂલ્યોમાં પરિવર્તન આવે. આ પરિવર્તન સરકારી દબાણ કે કેન્દ્રિયકૃત સંસ્થાઓના માધ્યમથી ન આવવું જોઇએ. એના માટે પ્રબળ જનમત બનાવવાની જરૂર છે જેથી જેના દ્વારા મૂળભૂત સમાજની રચના થાય છે એ લોકોની સમજમાં આવી શકે. એ માટે પ્રબળ જનમત ઊભો કરવાની જરૂર છે. આજે કાર ચલાવનારો માણસ સાઇકલ ચલાવનારા માણસ કરતાં પોતાને મોટો માને છે. પરંતુ સામાન્ય માપદંડની દૃષ્ટિએ જોઇએ તો સામાન્ય જનતાનું વાહન સાઇકલ જ છે. એટલા માટે સાઇકલને મહત્ત્વ આપવું જોઇએ અને સડકોની યોજના એ રીતે બનાવવી જોઇએ કે પૂરી પરિવહન વ્યવસ્થા સાયકલના આધારે ઊભી થઇ શકે. કારને બીજું સ્થાન આપવું જોઇએ. પરંતુ સ્થિતિ બિલકુલ ઊલટી છે. બધી સડક યોજનાઓ મુખ્યત્વે કારને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવે છે અને સાયકલને ગૌણ સ્થાને રાખવામાં આવી રહી છે. આ રીતે સામાન્ય માણસની આવશ્યકતાઓને ઉચ્ચ વર્ગની આવશ્યકતાઓ સામે મહત્ત્વહીન માનવામાં આવી રહી છે. ગાંધીજીની ઝુંપડીએ પ્રદર્શિત કરે છે કે સામાન્ય માણસનું મહત્ત્વ કેવી રીતે સમજી શકાય. આ સુખદ સંકેત છે કે આપણે સાદગીના સિદ્ધાંતને અપનાવીને સેવા અને સત્યનિષ્ઠા સરળતાથી મેળવી શકીશું. આશા છે 'દ્વિતીય વિશ્વ નિર્ધન સમાજ માટે ટેકનીક' પર આધારિત ગોષ્ઠિમાં આ સંદેશ પર આપ વિચાર કરશો.

(સપ્રેસ)

નવનીતમાંથી સાભાર

# રામમંદિરના મામલે કોંગ્રેસને સમર્થન બાબતે વીએચપીએ પલ્ટી મારી

રામ મંદિરના મામલે કોગ્રેસને સમર્થન આપવાના પોતાના તાજેતરના નિવેદન બાદ વિશ્વ હિંદુ પરિષદના કાર્યકારી અધ્યક્ષ આલોકકુમારે સ્પષ્ટતા કરી હતી કે કોગ્રેસને સમર્થન આપવાની વાત જ નથી.નોધનીય છે કે આલોકકુમારે કહ્યુ હતું કે કોગ્રેસ જો રામમંદિર નિર્માણને પોતાના ચુંટણી ઢંઢેરામાં સામેલ કરશે તો એને સમર્થન આપવા અંગે વિચારીશું.આ નિવેદન અંગે સ્પષ્ટતા કરતાં આલોકકુમારે કહ્યુ હતું કે મારા નિવેદનનો ખોટો અર્થ કાઢવામાં આવ્યો છે. કોગ્રેસને બદલવું અને એને સમર્થન આપવું એ એક હાઇપોલીટીકલ પ્રશ્ન છે. જો કોગ્રેસ પોતાના મેનિફેસ્ટોમાં રામમંદિરને સામેલ કરે તો સ્વાગત છે પરંતું તેને સમર્થન આપવાનો સવાલ જ નથી.વિશ્વ હિદુ પરિષદના કાર્યકારી અધ્યક્ષે આ દરમિયાન હિદુત્વના મામલામાં ભાજપને સૌથી શ્રેષ્ઠગણાવીને કહ્યુ હતું કે અમે આજેય ભાજપને સર્વોત્તમ માનીયે છીએ.પરંતુ રામમંદિરના મુદ્દે ભાજપ પાસેથી નિરાશા સાંપડી છે.જો અમે ભાજપની આશા નહીં રાખીએ તોશું એસપી,બીએસપી,અને મુસ્લીમ લીગની પાસેથી કરીશું.વિશ્વ હિંદુ પરિષદના અધ્યક્ષે એમ કહ્યુ હતું કે કોગ્રેસે અમારા મોટે પોતાના દરવાજા બંધ કરી રાખ્યા છે.અને જો કોગ્રેસ અમારા માટે દરવાજા ખોલે છે તો રામમંદિર નિર્માણને પોતાના ચુંટણી ઢંઢેરામાં સામેલ કરે છે તો એ અંગે વિચારણા કરીશું.વિશ્વ હિદુ પરિષદના કાર્યકારી પ્રમુખે કહ્યુ હતું કે અમને લાગે છે કે કેન્દ્ર સરકાર રામમંદિરને લઈને કાનુન લાવશે નહીં.અમે આગામી ૩૧ જાન્યુઆરીએ અને ૧ ફેબ્રુઆરીએ યોજાનારા ધર્મસભામાં સાધુ સંતોને વાત કરીશું. પછી રામમંદિર અંગે નિર્ણય લેવાશે.




## વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટમેન્ટ સમિટનું વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ ઉદ્‌ઘાટન કર્યુ

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટની નવમી કડીનું વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજ્યપાલ,મુખ્યમંત્રી,નાયબ મુખ્યમંત્રી, ૧૫ પાર્ટનર દેશોના ઉચ્ચ પ્રતિનિધિઓ,ઉઝબેકીસ્તાન,માલ્ટા,ડેન્માર્ક, ચેક રિપબ્લિકના વડાપ્રધાનો, મુકેશ અંબાણી,ગૌતમ અદાણી, સહિતના ટોચના ભારતના ઊદ્યોગપતિઓ,સીઈઓની મંચ પર ઉપસ્થિતિમાં ઉદ્‌ઘાટન કર્યુ હતું.જેમાં તેમણે ભારતમાં મુડીરોકાણ કરનારાઓને વિશ્વસ્ત કર્યા હતા. તથા તેમણે ભારતમાં મુડીરોકાણને કારણે પાછળના ચારવર્ષો દરમિયાન ભારતે આર્થિક,નાણાંકીય,માળખાકીય,આરોગ્ય, પ્રવાસન, વેરાકીય સહિતના ક્ષેત્રે જે હરણફાળ ભરી છે તેના પરિણામે વૈશ્વિક ઊદ્યોગ સાહસિકો માટે ભારતમાં મુડી રોકાણનો આદર્શ સમય છે અને તક છે તે માટે આમંત્રણ આપ્યું હતું.

## પત્રકારની હત્યાના કેસમાં ડેરા સચ્ચા સૌદાના રામરહિમ સહિત દોષિતોનેસજા

૨૪ ઓક્ટો.૨૨૦૨ના રોજ હરિયાણાના અખબાર પુરા સચના પત્રકાર રામચંદ્ર છત્રપતિની હત્યાના કેસમાં પંચકુલાની વિશેષ સીબીઆઇ અદાલતે ડેરા સચ્ચા સૌદાના વડા ગુરમીત રામરહીમ સહિત ચાર આરોપીઓને દોષિત ઠેરવ્યા હતા અને જન્મટીપની સજા ફટકારી હતી.ગુરમીત રામરહીમને રોહતકની સુનેરીયા જેલમાંથી વિડીયો કોન્ફરન્સીંગ દ્વારા અદાલતમાં હાજર કરાયા હતા.ઓગષ્ટ ૨૦૦૭માં બે સાધ્વીઓ પર કરાયેલા બળાત્કાર કેસમાં રામરહીમ દોષિત ઠર્યા હતા.તેમજ ત્યાર બાદ થયેલી હિંસામાં ૪૦ વ્યક્તિઓના મોત નિપજ્યા હતા.જેના કારણે રામરહીમને વીડીયો કોન્ફરન્સીંગ દ્વારા કોર્ટમાં હાજર કરાયા હતા.ચારેય આરોપીઓને દોષિત ઠેરવવામાંય ખટ્ટાસિંહની જુબાની અત્યંત મહત્વની બની રહી હતી.જજ જગદીપસિંહે ગુરમીત રામરહીમને આઈપીસી ધારા ૩૦૨ અને ૧૨૦(બી) અંતગર્ત પત્રકાર રામચંદ્ર છત્રપતિની હત્યા માટે દોષિત ઠેરવ્યા હતા.હાલમાં રામરહીમ રોહતકની સુનેરીયા જેલમાં બે સાધ્વીઓ પર બળાત્કારના અપરાદમાં ૨૦ વર્ષનીકેદની સજા કાપી રહ્યા છે.પત્રકારના પુત્ર અંશુલે કોર્ટના ચુકાદાને આવકારતાં કહ્યુ હતુંકે મારા પિતાના હત્યારાઓને ફાંસી થવી જોઈએ અને ૧૬ વર્ષથી આશા રાખી રહ્યા હતા કે અમને ન્યાય મળશે.

ચરકને વિશ્વના સૌથી મહાન વૈદ્ય માનવામાં આવે છે.તેમના દ્વારા લિખિત ગ્રંથ ચરકસંહિતાને વિશ્વના બહોળા દેશોમાં અનુસરવામાં આવે છે.આધુનિક ચિકિત્સાશાસ્ત્રના પાયા આયુર્વેદમાં રહેલા છે.

ભારતીય વાયુસેનાની સ્થાપના બ્રિટીશરો દ્વારા ૮ ઓકટો.૧૯૩૨ના રોજ કરવામાં આવી હતી.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨



**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭



**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સંબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386


## જવાહરલાલ નહેરુ યુની.માં કથિત ભારત વિરોધી સુત્રોચારના મામલે ત્રણ વર્ષ બાદ ચાર્જશીટ દાખલ કરાઇ

જવાહરલાલ નહેરુ યુનીવરસીટીમાં કથિત ભારત વિરોધી સુત્રોચારના મામલે સુપ્રીમની ટીકા છતાં દિલ્હી પોલીસે આ કેસમાં કનૈયાકુમાર, ઉમર ખાલીદ,અને અનિબાર્ન ભટ્ટાચાર્ય સામે ચાર્જશીટ દાખલ કરી છે.લગબઘ ત્રણ વર્ષ અગાઉ જેએનયુમાં કરામાં આવેલા કથિત દેશદ્રોહી સુત્રોચારો અંગે તપાસ પુરી થઈ ગઈ છે.સ્પેશીયલ સેલ દ્વારા આ મામલે ચાર્જશીટ દાખલ કરાઈ છે.જેમાં જેએનયુના વિદ્યાર્થી સંઘના પુર્વ નેતા કનેયાકુમાર સહિત ૧૦ વિદ્યાર્થીઓના નામ સામેલ છે.આ સબંધે પોલીસ કમિશ્નરની જરુરી મંજુરી લેવામાં આવી છે.જેએનયુંમાં આયોજીત એક કાર્યક્રમમાં કથિતરુપે દેશ વિરોધી સુત્રોચાર કરવામાં આવ્યા હતા.

## ટ્રમ્પ સરકાર એચ-૧બી વિઝા નિયમોમાં ફેરફાર કરવા વિચારણા કરી રહી છે

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ્ ટ્રમ્પે કહ્યુ હતું કે તેઓ એચ-૧બી વિઝામાં ફેરફાર કરવાની યોજના બનાવી રહ્યા છે.જેઓ ઉચ્ચ શિક્ષિત છે અને કામચલાઉ વિઝા તેમને ઈસ્યુ થયા છે તેમને વિશેષ શ્રેણીમાં કામ કરવાની મંજુરી આપવામાં આવશે.જેથી એચ-૧બી વિઝા સરળતા અને નિયમિતતા લાવશે.જેથી વર્કસ અમેરિકન નાગરિક બનવાની શક્યતા બને.અમે નિપુણ અને ઉચ્ચ શિક્ષિત લોકોને પ્રોત્સાહિત કરવા માંગીએ છીએ,જેતી તેમને અમેરિકામાં કેરીયર બનાવી રહેવાનો વિકલ્પ મળવો જોઈએ. અમેરિકામાં એચ-૧બી વિઝા હોલ્ડર્સને અહી રહેવા માટે અમે ટુંક સમયમાં ફેરફાર કરી શું.જેથી સંભવિત નાગરિકત્વ સહિત અહીં લાંબા સમય સુધી રહી શકે એમ ટ્રમ્પે ટ્વિટ કર્યુ હતું.હાલમાં દેશની દક્ષિણ બ ાજુની બોર્ડરે સૌથી મોટી દિવાલ બાંધવા માટે જ્યાં સુધી ૫.૬ અબજ ડોલર તેઓ સુરક્ષિત નહીં કરે ત્યાં સુધી અમેરિકામાં ટ્રમ્પ અને ડેમોક્રેટસની યુએસ કોગ્રેસમાં પડેલી મડાગાંઠ ઉકેલાશે નહીં.

### જાણવા જેવું !

વ્હાઈટ હાઉસમાં ૧૩૨ રૂમ આવેલા છે.જેમાં અમેરીકાના પ્રમુખ રહે છે. વ્હાઈટ હાઉસનો ઓરીજીનલ રંગ ગ્રે હતો. પરંતુ ૧૮૧૨માં યુધ્ધ બાદે તેને ફરીથી રંગવામાં આવ્યો અને સમારકામ કરવામાં આવ્યું.

મઘમાખીની રાણી એક દીવસમાં ૧૫૦૦ ઈંડા મુકે છે.


**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in



સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.